એકમ 11

# મૂડી અને નિયોજક

## : રૂપરેખા :

11.0 ઉદ્દેશો

11.1 પ્રસ્તાવના

11.2 ઉત્પાદનના સાધનોની સમજૂતી

11.3 ઉત્પાદનના સાધનો

11.4 મૂડી

11.5 મૂડીની વ્યાખ્યા

11.6 મૂડીના લક્ષણો

- 11.6.1 માનવ સર્જિત સાધન
- 11.6.2 કુદરતી બક્ષિસ નથી
- 11.6.3 મૂડીના પ્રમાણમાં ફેરફાર
- 11.6.4 બચત કરી શકાય છે
- 11.6.5 ગતિશીલ
- 11.6.6 સક્રિય બચત કે મૂડી
- 11.6.7 મૂડી ઉપભોગનું પરોક્ષ સાધન છે

11.7 મૂડીના પ્રાપ્તિ સ્થાનો

- 11.7.1 સગા-સંબંધી પાસેથી
- 11.7.2 અંગત બચતો દ્વારા
- 11.7.3 બેંકિંગ સંસ્થાઓ
- 11.7.4 શેરમૂડી દ્વારા
- 11.7.5 મિલકત કે સંપત્તિના વેચાણ દ્વારા

11.8 નિયોજક અને નિયોજન

11.9 નિયોજકની વ્યાખ્યા

11.10 નિયોજકના લક્ષણો

- 11.10.1 અનિશ્ચિતતાનું જોખમ ઉઠાવે છે
- 11.10.2 આર્થિક લાભ મેળવે છે
- 11.10.3 નવીનીકરણકાર
- 11.10.4 પગારદાર કર્મચારી નથી
- 11.10.5 ધંધાકીય એકમની સ્થાપના કરે છે
- 11.10.6 ઉત્પાદનના સાધનોનું સંકલન કરે છે
- 11.10.7 સિદ્ધિ મેળવનાર
- 11.10.8 સમાજ અને રાષ્ટ્રને ઉપયોગી

11.10.9 નિયોજક, સંચાલક, ટેકનિશિયન કે ઇજનેર કરતાં વિશેષ છે

11.11 નિયોજકના ગુણો

11.11.1 ગતિશીલતા

11.11.2 જોખમ ઉઠાવવાનની શક્તિ

11.11.3 નેતાગીરી

11.11.4 સર્જનાત્મક શક્તિ

11.11.5 નિર્ણયશક્તિ

11.11.6 ટેકનિકલ જ્ઞાન

11.11.7 પ્રમાણિકતા

11.12 સારાંશ

11.13 ચાવીરૂપ શબ્દો

11.14 કેટલાંક ઉપયોગી પુસ્તકો

11.15 તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 11.0 ઉદ્દેશો (Objective)

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે એ જાણી શકશો કે ઉત્પાદનના સાધનોમાં મૂડી અને નિયોજકને કયું કાર્ય અને કામગીરી કરવાની હોય છે.

– ઉદ્યોગ શરૂ કરવા મૂડી ક્યાથી પ્રાપ્ત કરી શકાય છે.

– કયા સ્થળેથી કે કયા પ્રાપ્ત સ્થાનમાંથી મૂડી સસ્તી છે.

– નિયોજક કોને કહેવાય અને તેની કામગીરી જાણી શકાશે.

– નિયોજકની પસંદગી કરતી વખતે કઇ બાબતોને મહત્ત્વ આપવું તે જાણી શકાશે.

– મૂડી અને નિયોજકનો હેતુ પૂર્વક ઉપયોગ કરવા.

## 11.1 પ્રસ્તાવના (Introduction)

માનવી એક સામાજિક પ્રાણી છે. જેની જરૂરિયાતો અમર્યાદિત છે. કુદરતે માનવીને ખર્ચ વિના સાધનો પુરા પાડ્યા છે. પરંતુ જરૂરિયાતના સંદર્ભે ઘણા ઓછા છે. આથી સાધનોના પ્રમાણમાં સંસાધનની ઉપલબ્ધતા વધારવા સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ કરવો પડે છે.

અર્થશાસ્ત્રમાં 'ઉત્પાદન' એટલે વિવિધ નીપજકોનું નિપજોમાં રૂપાંતર કરવું અને તેના પરિણામે નીપજકોની જરૂરિયાત સંતોષવાની શક્તિમાં વધારો કરવો. આ નીપજકોમાંથી જે રૂપાંતરિત વસ્તુ મળે તેને નીપજ અથવા વસ્તુ કહેવાય છે અને ઉત્પાદન એટલે તૃષ્ટિગુણ અર્થાત સંતોષનું સર્જન, ઉત્પાદનનો આધાર ઉત્પાદનનાં સાધનો ઉપર રહેલો છે. ઉત્પાદનના સાધનોને ચાર સાધનોમાં વર્ગીકરણ કરી શકાય છે. જેમાં (1) જમીન (2) મૂડી (3) શ્રમ અને (4) નિયોજક છે.

આ પ્રકરણમાં ઉત્પાદનના સાધનો મૂડી અને નિયોજક અંગેની માહિતી મેળવીશું જેમાં મૂડી કોને કહેવાય ? તેના પ્રાપ્તિનું સ્થાન કયું છે ? તેના લક્ષણો, નિયોજકના લક્ષણો વગેરે દ્વારા તેની વિશેષ માહિતી પ્રાપ્ત કરીશું.

## 11.2 ઉત્પાદનના સાધનોની સમજૂતી (Explanation of Production inputs)

માનવી સામાજિક પ્રાણી છે અને માનવીની જરૂરિયાતો અમર્યાદિત છે. આ જરૂરિયાતોની પૂર્તિ માટે વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરવામાં આવે છે. માનવી તેની જરૂરિયાતો સંતોષી શકે તે રીતે વસ્તુ કે સેવાને ઉપયોગી સ્વરૂપ આપવામાં આવે છે જે ઉત્પાદન છે. સામાન્ય રીતે જોઈએ તો

ઉપયોગિતાના ગુણનું સર્જન (તૃપ્તિગુણનું સર્જન) કરવાની પ્રક્રિયા એટલે ઉત્પાદન. દા.ત. લાકડાને ટેબલ કે ખુરશી સ્વરૂપમાં બદલવાથી તેમાં ઉપયોગિતાનો ગુણ ઉમેરાય છે. આ પ્રક્રિયાને ઉત્પાદન કહે છે.

## 11.3 ઉત્પાદનના સાધનો (Production Inputs)

ઉત્પાદનના કુલ ચાર સાધનો છે. જમીન, શ્રમ, મૂડી અને નિયોજક રાષ્ટ્રના કુલ વાર્ષિક ઉત્પાદનનો આધાર આ ચાર ઉત્પાદનના સાધનો પર છે અને ઉત્પાદન પ્રક્રિયામાં સક્રિય સાધનોનું મહત્ત્વ સરખું છે. જેમાંથી મૂડી અને નિયોજકનો અભ્યાસ કરીશું.

ઉત્પાદકના કુલ ચાર સાધનો છે. જેમ કે, જમીન, શ્રમ, મૂડી અને નિયોજક જેમાંથી કેટલાંક સાધનો નિસર્ગદત્ત છે. તો કેટલાક સાધનો માનવ સર્જિત છે જેમાંથી મૂડી ઉત્પાદનનું અગત્યનું સાધન છે. જે માનવ સર્જિત છે. વિશ્વમાં થયેલી ઔદ્યોગિક ક્રાંતિ પછી ઉત્પાદનના માળખામાં કે સ્વરૂપમાં પરીવર્તન થયું છે. જેમાં ઉત્પાદન વ્યવસ્થા મૂડી પ્રધાન બની છે. આથી ઉત્પાદનના સાધન તરીકે મૂડીનો અભ્યાસ ખૂબ જ મહત્ત્વનો રહ્યો છે. જેના વિશે વિગતે જાણીશું.

## 11.4 મૂડી (Capital)

મૂડી શબ્દ ઉત્પાદક સંસાધનોના ચોક્કસ વિભાગને વ્યક્ત કરે છે. મૂડી માણસની મહેનત કે પ્રયાસથી જ પેદા થાય છે. મૂડી એ માનવ સર્જિત ઉત્પાદિત સાધન છે. કારણ કે જમીન કોઈપણ પ્રકારનો શ્રમ કર્યા વિના કુદરતી બક્ષિસ તરીકે મળે છે એ અર્થમાં મૂડી શ્રમનું ગુપ્ત અથવા ચોખ્ખું કરેલું વિશુદ્ધ સ્વરૂપ છે માટે મૂડી ઘણા સ્વરૂપમાં જોવા મળે છે. જેમ કે, મકાન, પ્લોટ, યંત્ર સામગ્રી, રસ્તા, પુલ, વાહનવ્યવહાર કે સંદેશાવ્યવહારના સાધનો વગેરે. રોજિંદા વ્યવહારમાં 'મૂડી' એટલે 'નાણું' એવો અર્થ કરવામાં આવ્યો છે. પરંતુ ઉત્પાદનના સાધન તરીકે મૂડીનો અર્થ ખૂબ જ સંકુચિત અને અધૂરો છે. તેની વૈજ્ઞાનિક કે યથાર્થ વ્યાખ્યા જુદા-જુદા અર્થશાસ્ત્રીઓ દ્વારા નીચે મુજબ આપવામાં આવી છે.

## 11.5 મૂડીની વ્યાખ્યા (Definition)

મૂડીની સર્વમાન્ય, યથાર્થ અને વૈજ્ઞાનિક વ્યાખ્યા જુદા-જુદા અર્થશાસ્ત્રીઓ દ્વારા નીચે મુજબ આપવામાં આવેલી છે.

**(અ) ચેપમેન**

×'મૂડી' એ એવી સંપત્તિ છે જે આવક મેળવી આપે છે અથવા આવકના સર્જનમાં સહાયરૂપ નીવડે છે. અથવા જેનો આ પ્રકારનો ઉપયોગ કરવાની ઇચ્છા થાય છે.×

**(બ) બોહમ બોવર્ક**

×'મૂડી' નો સંબંધ ઉત્પાદિત સાધનો સાથે છે. જેમ કે ઓજારો, યંત્રો, મકાનો વગેરે જ્યારે ભૂમિ કે પ્રાકૃતિક બાબતોનો મૂડીમાં સમાવેશ થઈ શકે નહીં.×

**(ક) સિલ્વરમેન**

×'મૂડી' એ પુનઃ વધુ સંપત્તિનું ઉત્પાદન કરવા માટે બાજુએ રાખેલી એક પ્રકારની સંપત્તિ છે.×

(ડ) ×'મૂડી' એટલે માનવીએ કુદરતી સાધનોના ઉપયોગ દ્વારા બનાવેલી કોઈપણ વસ્તુ જે બીજી વસ્તુના ઉત્પાદનમાં સહાયરૂપ થાય છે તેને મૂડી કહેવાય છે.×

## 11.6 મૂડીના લક્ષણો (Characteristics of Capital)

ઉત્પાદનના અન્ય સાધનોની જે મૂડી ઉત્પાદનનું મહત્ત્વ સાધન ગણાવી શકાય છે. મૂડીના લક્ષણો મુજબ માનવ સર્જિત ઉત્પાદક પ્રવૃત્તિમાં રોકાયેલી વસ્તુઓ કે સાધનો મૂડી છે. કારણ કે મૂડી

આર્થિક વસ્તુ છે. જેનામાં તૃષ્ટિગુણ રહેલો છે. જેની અદલાબદલી કે અછત છે. જેની વિગતે સમજૂતી નીચે મુજબ છે.

### 11.6.1 માનવ સર્જિત સાધન (Man made tool)

મૂડી એટલે જમીન સિવાયના ઉત્પાદનના સાધનો જે વસ્તુના ઉત્પાદન કાર્યમાં મદદ કરે છે. અથવા તો જેનાથી વસ્તુનું ઉત્પાદન કરી શખાય તે સર્વેને મૂડી ગણાવી શકાય છે. આમ, મૂડીએ માનવ સર્જિત સાધન છે.

### 11.6.2 કુદરતી બક્ષિસ નથી (Not a Natural Reward)

ઉત્પાદનના સાધનો જેવા કે જમીન અને શ્રમ એ કુદરતી બક્ષિસ છે. જે કુદરતી રીતે પ્રાપ્ત થાય છે અને માનવી કેટલાક ફેરફાર કરી વધુ ઉપયોગ યોગ્ય બનાવે છે. જ્યારે મૂડી માનવીને કેટલાંક શારીરિક શ્રમ કે માનસિક શ્રમનું પરિણામ છે. અથવા તો માનવી તેની બૌદ્ધિક શક્તિનો વિસ્તાર કરી વધુ આવક પ્રાપ્ત કરી શકે છે.

### 11.6.3 મૂડીના પ્રમાણમાં ફેરફાર (Change of Capital Amounts)

ઉત્પાદનના સાધનોમાં જમીન એ કુદરતી બક્ષિસ હોવાથી તેના કદમાં ફેરફાર કરવો અશક્ય છે. જ્યારે મૂડી માનવીના શ્રમનું પરિણામ હોવાથી તેના પ્રમાણમાં વધારો કે ઘટાડો શક્ય બને છે. જેનો આધાર નફો કે નુકશાન પર રહેલો છે.

### 11.6.4 બચત કરી શકાય છે (Saving can be done)

ઉત્પાદનના સાધનમાં મૂડી એ એવું સાધન છે કે જેનો તમે બચત કરી તેનું પ્રમાણ વધારી શકાય છે. દા.ત. કોઈ વ્યક્તિ દ્વારા 10,000 રૂા. કોઈ બેંક કે અન્ય વ્યક્તિને ઉછીના વ્યાજે આપવામાં આવે છે. જેના કારણે મૂડીનું પ્રમાણ વધે છે. જેને ઉત્પાદન કાર્યમાં જોડી શકાય છે. આમ, બચત પણ મૂડીનું મહત્ત્વનું લક્ષણ છે.

### 11.6.5 ગતિશીલ (Dynamic)

મૂડી માનવના શ્રમનું પરિણામ છે. માનવી તેના પુરવઠામાં પ્રયત્ન પૂર્વક ફેરફાર કરી શકે છે. જો કે બધી જ મૂડી ગતિશીલ હોતી નથી. જેમ કે પાપડ બનાવવાનો ઉદ્યોગમાં ઉપયોગમાં લેવાતું કારખાનું કે મકાન જે મૂડી છે. પરંતુ તેને બીજી જગ્યાએ ખસેડી શકાતું નથી. પરંતુ મૂડી એક જગ્યાથી બીજી જગ્યાએ ખસેડી શકાય છે જે ગતિશીલ છે.

### 11.6.6 સક્રિય બચત કે મૂડી (Enable Saving or Capital)

મૂકીને સક્રિય કે ક્રિયાશીલ બચત ગણાવી શકાય છે. જેમ કે, કોઈ વ્યક્તિની આવક 2000 રૂ. છે. તેમાંથી 1000 રૂ. ની બચત કરે છે. બાકીના 1000 રૂ. વપરાશી ખર્ચ કરે છે અને બચત કરેલા 1000 રૂ. દ્વારા કોઈ નાનો-મોટો ધંધા-ઉદ્યોગની શરૂઆત કરે છે. તો તે બચતના 1000 રૂ. મૂડી ગણાવી શકાય. કારણ કે તેને ઉત્પાદન કાર્યમાં જોડાતા અનેકગણી આવકનું સર્જન થાય છે. માટે મૂડી સક્રિય સાધન છે.

### 11.6.7 મૂડી ઉપભોગનું પરોક્ષ સાધન છે (Capital is an indirect means of consuming)

મૂડીને માનવીના ઉપભોગનું પરોક્ષ સાધન ગણાવી શકાય છે. કારણ કે મૂડી વડે ખોરાક, કપડાં, અનાજ, રહેઠાણ મોજશોખની કે પ્રાથમિક વસ્તુની ખરીદી કરી તેનો ઉપભોગ કરી શકાય છે. જે પ્રત્યક્ષ સાધન છે. પરંતુ માલ-સામાનની હેરફેર કરતી ટ્રક જે મૂડીનું સાધન છે. તેનાથી આપણી જરૂરિયાત સીધી રીતે સંતોષી શકાતી નથી. પણ તે આપણી જરૂરિયાત પરોક્ષ રીતે સંતોષવામાં મદદરૂપ થાય છે. માટે મૂડી એ ઉપભોગનું પરોક્ષ સાધન છે.

આમ, મૂડી એ માનવ સર્જિત, બચત કરી શકાય તેવું, ગતિશીલ, સક્રિય કે ઉપભોગનું પરોક્ષ સાધન છે અને વર્તમાનમાં મૂડીને સૌથી મહત્ત્વનું સાધન ગણાવી શકાય છે.

**(ક) તમારી પ્રગતિ ચકાસો**

1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(1) મૂડીની વ્યાખ્યા આપો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(2) મૂડીના કોઈપણ બે લક્ષણો જણાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**2. કૌંસમાં આપેલા શબ્દ દ્વારા નીચેની ખાલી જગ્યા પૂરો.**

(3) 'મૂડી'નો સંબંધ ઉત્પાદિત સાધનો સાથે છે. આ વ્યાખ્યા ............ અર્થશાસ્ત્રીએ આપેલી છે. (ચેપમેન, બોહમબોવર્ક, સિલ્વરમેન)

(4) મૂડી એ ............ સર્જિત સાધન છે. (કુદરતી, માનવ સર્જિત, ઈશ્વર)

(5) ઉત્પાદનના ............ સાધનની બચત કરી શકાય છે.

(મૂડી, સાધન (યંત્ર), શારીરિક શ્રમ)

(6) મૂડી એ ઉપભોગનું ......... સાધન છે.

(પ્રત્યક્ષ, પરોક્ષ, સંગઠિત)

(7) .......... એ કુદરતી બક્ષિસ નથી.

(જમીન, પાણી, મૂડી)

### 11.7 મૂડીના પ્રાપ્તિ સ્થાનો (Capital gains resovrces)

ઉત્પાદક દ્વારા ઉત્પાદનના અન્ય સાધનોની સાથે ઉત્પાદનનું સાધન મૂડીને ગણાવ્યું છે. વ્યક્તિ પાસે જમીન, નિયોજકો અને શ્રમિકો જેવા ઉત્પાદનના સાધનો હોય પરંતુ આ સાધનોની કામગીરી બદલ વળતર નાણાં કે મૂડીના સ્વરૂપમાં ચૂકવવામાં આવે છે. એટલે કે મૂડીના હોય તો ધંધા કે રોજગારની શરૂઆત કરી શકાતી નથી. આ મૂડી જુદી જુદી રીતે કે જુદા-જુદા સાધનો દ્વારા પ્રાપ્ત કરી શકાય છે.

#### 11.7.1 સગા-સંબંધી પાસેથી (From Relatives)

જો ઉત્પાદક કે તેના ધંધાનું કદ નાનું હોય તો તેવા સંજોગોમાં વ્યક્તિ પોતાના સગાસંબંધી કે મિત્ર પાસેથી કેટલીક મૂડી પ્રાપ્ત કરી છે.

#### 11.7.2 અંગત બચતો દ્વારા (By Personal Savings)

દરેક વ્યક્તિ તેની આવકનો કેટલોક ભાગ ભવિષ્યની જરૂરિયાતને ધ્યાનમાં રાખી બચત કરે છે અને આ બચતનો ઉપયોગ ઉત્પાદક તેના ધંધાની શરૂઆત કરવા કે ધંધાના વિકાસ માટે ઉપયોગ કે પ્રાપ્ત કરી શકે છે.

#### 11.7.3 બેંકિંગ સંસ્થાઓ (Banking Institute)

વર્તમાનમાં ઉત્પાકદ નાના કે મોટા ધંધા કે ઉદ્યોગની શરૂઆત કરવા અંગત બચતો કે સગા-સંબંધી ઉપરાંત સરકારી કે ખાનગી તેમજ સહકારી બેંકો પાસેથી બેંકોની શરતો અનુસાર ટૂંકા સમયગાળા માટે, લાંબા સમયગાળા માટે તેમજ મધ્યમ સમયગાળા માટે મૂડી પ્રાપ્ત કરી શકે છે.

**11.7.4 શેર મૂડી દ્વારા (By Shere)**

મોટા ઉદ્યોગો કે મધ્યમ કક્ષાના ઉદ્યોગો મૂડી રોકાણનું પ્રમાણ વધારે હોય છે. માટે તેઓ શેર મૂડી બહાર પાડી એકત્ર કરવામાં આવે છે. આ સાધન વર્તમાનમાં મૂડી પ્રાપ્ત કરવા માટેનું મહત્ત્વનું સાધન છે.

**11.7.5 મિલકત કે સંપત્તિના વેચાણ દ્વારા (By Sell of welth)**

વ્યક્તિ તેની મૂડીની જરૂરિયાત અનુસાર તેની પાસે માલિકીની મિલકત કે સંપત્તિનું વેચાણ કરી જે મૂડી પ્રાપ્ત થાય તેનો ઉપયોગ ધંધા કે રોજગારીની શરૂઆત કરવા કે વિકાસ કરવા મૂડી પ્રાપ્ત કરી શકાય છે.

આમ, ઉપરોક્ત મૂડીના પ્રાપ્તિ સ્થાનોમાંથી વ્યક્તિ કે ઉત્પાદક તેની અનુકૂળતા મુજબ મૂડી પ્રાપ્ત કરી શકાય છે. મૂડી પ્રાપ્ત કરવાના સાધન મૂડીના ઉપયોગ બદલ ચૂકવવામાં આવતું વળતર (વ્યાજ) ઉપર રહેલો છે અને જે પ્રાપ્તિ સ્થાનોમાંથી સૌથી ઓછા કે વ્યાજબી વળતરે મૂડી પ્રાપ્ત થાય તેવા સ્થળેથી ઉત્પાદક મૂડી પ્રાપ્ત કરી ધંધાની શરૂઆત કરે છે.

**(ખ) તમારી પ્રગતિ ચકાસો**

1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(1) તમારા મતે ઉત્પાદકે મૂડીના પ્રાપ્તિ સાધનોમાંથી કયા સાધનની પસંદગી કરવી જોઈએ ? શા માટે ?

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

2. નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.

(3) ઉત્પાદક મૂડી પ્રાપ્ત કરવા સગા-સંબંધીનો ઉપયોગ કરી શકે છે. [ ]

(4) બેંકો દ્વારા મૂડી નક્કી કરેલા વ્યાજના દરે આપવામાં આવે છે. [ ]

(5) વ્યક્તિ બચત કરે છે જો ખર્ચ કરતાં આવક વધારે હોય તો [ ]

(6) મકાનના વેચાણ દ્વારા મૂડી પ્રાપ્ત થતી નથી. [ ]

## 11.8 નિયોજક અને નિયોજન

ઉત્પાદનના સાધનોમાં નિયોજક અને તેની સાથે વાપરવામાં આવતો શબ્દ નિયોજન બન્ને જુદા-જુદા છે તેના કાર્યો પણ અલગ છે.

**નિયોજન :**

ઉત્પાદનના સાધનો જેવાં કે જમીન, શ્રમ, મૂડી એ છુટા છવાયા અને વેરવિખેર છે. આ ત્રણેય સાધનોને બુદ્ધિ પૂર્વક ઉત્પાદનની પ્રક્રિયામાં યોજના પૂર્વક ઉપયોગ કરવાની કામગીરી એટલે નિયોજન. ટૂંકમાં ઉદ્યોગના માલિક દ્વારા આ સાધનોનો આયોજન પૂર્વક કામગીરીમાં જોડવામાં આવે છે.

**નિયોજક :**

ઉત્પાદન પ્રક્રિયામાં જમીન, મૂડી અને શ્રમનો આયોજન પૂર્વક ઉપયોગ કરવાની કામગીરી એટલે નિયોજન અને આ નિયોજનને નિયોજીત કરનારને નિયોજક કહે છે. જેને ઉદ્યોગ કે ધંધાના સેનાપતિ પણ કહી શકાય.

સામાન્ય રીતે જે કોઇ વ્યક્તિ ઉદ્યોગ સાહસિકતાનો જુસ્સો ધરાવતી હોય અને જે ઉદ્યોગ ક્ષેત્રમાં સક્રિય રીતે સંકળાયેલ હોય તેવી વ્યક્તિને યોજક, નિયોજક કે ઉદ્યોગ સાહસિક કે ઔદ્યોગિક સાહસપતિ કે ઉદ્યોગ સાહસવીર તરીકે ઓળખાવી શકાય.

નિયોજક શબ્દ મૂળભૂત રીતે ફ્રેન્ચ શબ્દ એન્ટ્રીપ્રિન્યીઓર (Entreprendre) પરથી ઉદ્‌ભવ્યો છે. જેનો અર્થ થાય છે હાથમાં લેવું કે જવાબદારી ઉઠાવવી. (To Undertake)

## 11.9 નિયોજકની વ્યાખ્યા (ઉદ્યોગ સાહસિકતા)

**ધી લિટલ ઓક્સફર્ડ ડિક્ષનરીમાં,**

×નિયોજક એક એવી વ્યક્તિ છે કે જે નફા કે નુકસાનની શક્યતા સાથે એકમત જવાબદારી ઉઠાવે છે.×

**ફ્રેડ નાઇટના મતે,**

×નિયોજકો એ નિષ્ણાતોનું એવું જૂથ છે કે જેઓ ધંધાકીય લાભો મેળવવા હેતુસર અચોક્કસતા અને જોખમો ઉઠાવે છે.×


**એ. પી. સેલેકઝન્ડર ના મતે,**

×નિયોજક એ સમાજનો સભ્ય છે. જે આર્થિક, સામાજિક અને મનોવૈજ્ઞાનિક ધ્યેયની પાછળ પડે છે.×

આમ, નિયોજક એ એવી વ્યક્તિ છે કે જે આયોજીત વળતરની પ્રાપ્તિ માટે પોતાનું સ્વતંત્ર ઔદ્યોગિક સાહસ સ્થાપવાનો વિચાર કરે છે અને તે અમલમાં મૂકે છે. જે નિશ્ચિત વળતર ચૂકવવાની બાંયધરી આપીને ઉત્પાદનના સાધનો એકત્ર કરે છે અને ધ્યેય સિદ્ધિ માટે યોજનાઓનો અમલ કરે છે. જે સ્વવિકાસની સાથોસાથ જનવિકાસની કામગીરી પણ કરે છે.

## 11.10 નિયોજકના લક્ષણો

ઉત્પાદનના સાધનોનું સંયોજન કરનાર નિયોજક છે. જો કે વ્યવસ્થાપક અને નિયોજક વચ્ચે તફાવત છે કારણ કે વ્યવસ્થાપક વેતન પ્રાપ્ત કર્મચારી છે. જે સાધનની વ્યવસ્થા કરે છે. જ્યારે નિયોજક સ્વતંત્રપણે જોખમ ઉઠાવે છે. તેનું વળતર નિશ્ચિત નથી. જમીન, મૂડી, શ્રમના સંયોજન દ્વારા ઉત્પાદન પ્રક્રિયા યોજીને તે આવક મેળવવાનો પ્રયત્ન કરે છે. તેના લક્ષણો નીચે મુજબ છે.



### 11.10.1 અનિશ્ચિતતાનું જોખમ ઉઠાવે છે

નવા એકમોની સ્થાપનામાં સૌથી વધારે જોખમ રહેલું હોય છે. તેમાં સફળતાની અનિશ્ચિતતા રહેલી હોય છે. સાથે નફાની પણ અનિશ્ચિતતા રહેલી હોય છે. નફો લાંબાગાળે પણ મળી શકે છે. તેવી પ્રવૃત્તિમાં તેઓ ઝંપલાવી જોખમ ઉઠાવે છે અને નવા એકમની સ્થાપના કરે છે જે નિયોજક છે.

### 11.10.2 આર્થિક લાભ મેળવે છે

નફો એ આર્થિક પ્રવૃત્તિ કે ધંધો કરવા માટેનું મુખ્ય પ્રેરકબળ છે. જેનો ઉદ્દેશ આર્થિક લાભ મેળવવાનો છે. તે આર્થિક, સામાજિક અને મનોવૈજ્ઞાનિક ધ્યેયો પાછળ પડે છે પરંતુ તેનું અંતિમ ધ્યેય નફાનું હોય છે જે તે મેળવવા સતત પ્રયત્નશીલ રહે છે.

### 11.10.3 નવીનીકરણકાર

નિયોજકનો ધ્યેય નફો મેળવવાનો હોય છે. તે નફો મેળવવા તેના મગજમાં વેપાર કે ધંધા અંગેના નવા-નવા કરે છે. જે નવપ્રવર્તનને ઉત્તેજન આપે છે. તેમજ તેનામાં રહેલી સર્જનાત્મક શક્તિ દ્વારા નવા-નવા વિચારોને અમલમાં મૂકે છે. જેથી વધુ ગ્રાહકો પ્રાપ્ત કરી વધુ નફો મેળવી શકાય.

### 11.10.4 પગારદાર કર્મચારી નથી (Their not salary man)

નફા કે નુકસાનની જવાબદારી નિયોજકની હોય છે. નિયોજક ઉત્પાદન એકમનો માલિક હોય છે. ઉત્પાદનમાં નફો થાય તો તેને મળે છે. અને નુકસાન થાય તો પણ તેણે જ ભોગવવું પડે છે. માટે તેને સેનાપતિ કહેવાય છે.

### 11.10.5 ધંધાકીય એકમની સ્થાપના કરે છે

નિયોજક સાહસવૃત્તિ ખેડી નવા-નવા ધંધાકીય એકમોમાં ઝંપલાવે છે. એકમોની સ્થાપના પછી તેની જાળવણી કરે છે તેને નિભાવે છે અને તેના વિકાસમાં કાર્યરત રહે છે.

### 11.10.6 ઉત્પાદનના સાધનોનું સંકલન કરે છે

નિયોજક એક પ્રતિનિધિત્વ કરે છે. જે ઉત્પાદનના વિવિધ સાધનો જેવાં કે, જમીન, મૂડી, શ્રમનું સંકલન કરે છે. જે ઉત્પાદનનું ચોથું સાધન છે. જે નફાના હેતુને ધ્યાનમાં રાખી પ્રથમ ત્રણ સાધનો જમીન, શ્રમ અને મૂડીનું ઈષ્ટ સંયોજન કરી છે. જેને કારણે સમાજના લોકોને વિવિધ પ્રકારની નવી વસ્તુઓ પ્રાપ્ત થાય છે અને નિયોજકને નફો મળે છે.

### 11.10.7 સિદ્ધિ મેળવનાર

નિયોજકનું મહત્ત્વનું લક્ષણ સિદ્ધિ મેળવનાર છે. જે સાહસવીર હોય છે. તેનામાં સિદ્ધિ પ્રાપ્ત કરવાનું મજબૂત મનોબળ હોય છે. સિદ્ધિ પ્રાપ્ત ન થાય તો તે હાર માનતો નથી પણ તે પડકારોનો સામનો કરી નફો પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે અને ધંધા કે એકમમાં સિદ્ધિ મેળવે છે.

### 11.10.8 સમાજ અને રાષ્ટ્રને ઉપયોગી

નિયોજકની સાહસવૃત્તિ દ્વારા સમાજને અને રાષ્ટ્રને અનેક લાભો પ્રાપ્ત થાય છે. નિયોજક દ્વારા નફાને હેતુને ધ્યાનમાં રાખી માનવીની જરૂરિયાતોને આધારે નવી વસ્તુઓ અને સેવાનું ઉત્પાદન, નવી વસ્તુઓ, નવા ઉદ્યોગોની સ્થાપના કરી નફો મેળવે છે અને સમાજને, રાષ્ટ્રને ઉપયોગી પણ બને છે.

### 11.10.9 નિયોજક, સંચાલક, ટેકનિશિયન કે ઈજનેર કરતાં વિશેષ છે

નિયોજક ઉત્પાદનના બધાં જ સાધનોનું એકત્રીકરણ કરી ઉત્પાદન પ્રક્રિયા જ શરૂ કરાવે છે. બજારમાંથી ઉદ્યોગ સાહસિકને મૂડી, સંચાલકો, ટેકનિશિયનો, ઈજનેરો બજારમાંથી મળી શકે છે પરંતુ નિયોજકો બજારમાંથી મળતા નથી. પણ આ બધાયનું સંચાલન કરે છે માટે નિયોજકને સંચાલક, ટેકનિશિયન કે ઈજનેર કરતાં વિશેષ છે.

આમ, નિયોજક નફો કે નુકશાનની શક્યતા સાથે એકમત જવાબદારી ઉઠાવે છે. નિયોજક એ વિશિષ્ટ કૌશલ્ય, આવડત, જ્ઞાન કે સૂઝ ધરાવતી વ્યક્તિ છે જે આર્થિક લાભ મેળવવાના હેતુસર આર્થિક પ્રવૃત્તિ કરવાની પહેલ કરે છે.

**(ગ) તમારી પ્રગતિ ચકાસો**

1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(1) નિયોજન એટલે શું ?

..............................................................................

..............................................................................

(2) નિયોજક એટલે શું ?

..............................................................................

..............................................................................

(3) એ.પી. એલેકઝેન્ડરે આપેલી નિયોજકની વ્યાખ્યા આપો.

..............................................................................

..............................................................................

(4) નિયોજક પગારદાર કર્મચારી નથી - સમજાવો.

..............................................................................

..............................................................................

(5) નિયોજક સમાજ અને રાષ્ટ્રને કેવી રીતે ઉપયોગી નીવડે છે.

..............................................................................

..............................................................................

2. આપેલાં વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ શોધી ખાલી જગ્યા પૂરો.

(1) ઉદ્યોગ સાહસિક એટલે ......... (નિયોજક, નિયોજીત, નિયોજન)


(2) નિયોજક ........... નું જોખમ ઉઠાવે છે. (નિશ્ચિતતાઓ, અનિશ્ચિતતાઓ, વીમા)

(3) ઉત્પાદનના સાધનો .............. છે. (એક, બે, ચાર)

(4) નિયોજકનું અંતિમ ધ્યેય ......... નું હોય છે. (ખોટ, નફો, વ્યાજબી કિંમત)

## 11.11 નિયોજકના ગુણો

ઉત્પાદનના સાધનોને કામગીરી કરવાની જવાબદારી નિયોજક ઉઠાવે છે એ આ સાધનોને એવી રીતે કામે લગાડશે કે જેથી તેને વધુ નફો પ્રાપ્ત થાય. પણ તેના માટે નિયોજકના લક્ષણો ઉપરાંત નિયોજકના ગુણો પણ હોવા જરૂરી છે. આ ગુણો વ્યક્તિમાં જન્મજાત હોય છે. અથવા તો પુરતી તાલીમ અને શિક્ષણ દ્વારા વિકસાવે છે.



### 11.11.1 ગતિશીલતા

નિયોજક પાસે વર્તમાનમાં થતાં ફેરફારો જેવાં કે માંગ, ફેશન, રુચિ વગેરે અનુસાર વસ્તુના ઉત્પાદનમાં ફેરફાર કરવાનો ગુણ હોવો જોઈએ. તેને જડતાનો ત્યાગ કરી ગતિશીલ વલણ અપનાવવું જોઈએ. તેમજ અન્યના ઉપયોગી સલાહ સૂચનો આવકારવા જોઈએ જેથી સમય અને સંજોગો અનુસાર વસ્તુના ઉત્પાદનમાં ફેરફાર કરતાં નફો મેળવી શકાય.

### 11.11.2 જોખમ ઉઠાવવાનની શક્તિ

આપણે આગળના પ્રશ્નમાં જોયું કે નિયોજકનું મહત્ત્વનું લક્ષણ જોખમ ઉઠાવવાનું છે. તેની સાથે જોખમ ઉઠાવવાનો ગુણ પણ હોવો જોઈએ. જેથી ઓછું જોખમ કે ઝડપથી જોખમ નિવારી શકાય. ટૂંકમાં નિયોજક પાસે જોખમોને પડકારી શકે, સફળતા પ્રાપ્ત કરી શકે છે. તેવી આવડત તેનામાં હોવી જોઈએ. જેથી કયા જોખમો ઝડપથી નિવારી શકાશે ? કેવી રીતે વગેરેના ગુણો હોવા અનિવાર્ય છે.

### 11.11.3 નેતાગીરી

નિયોજકમાં નેતાના ગુણો હોવા જોઈએ. નિયોજક બજારમાં ગ્રાહકોની માંગ અનુસાર વસ્તુમાં નવો ફેરફાર કરવા તેનામાં આત્મવિશ્વાસ, સમજાવવાની શક્તિ, પ્રોત્સાહિત કરવાની આવડત, કિંમત તેમજ કામ કરાવવાની આવડત હોવી જરૂરી છે. જે કર્મચારીઓની અપેક્ષાઓ, આકાંક્ષાઓ કે તેમની જરૂરિયાતોને અભિપ્રેત કરવા જોઈએ. તે મુજબના ગુણો હોવા જરૂરી છે.

### 11.11.4 સર્જનાત્મક શક્તિ

નિયોજના ગુણોમાં મહત્ત્વનો ગુણ સર્જનાત્મક શક્તિનો છે. નિયોજક ગ્રાહકોની માંગ મુજબ તેમજ વધુ નફો મેળવવા નવા ફેરફારો કરે છે. આ ફેરફારો તેનામાં રહેલી સર્જનાત્મક શક્તિ સૂચવે છે. નિયોજક વસ્તુમાં નવું સર્જન કરે છે. જેમાં વસ્તુના રૂપ, રંગ, આકાર, કદ, વજન વગેરેમાં કંઈક નવો ફેરફાર કે સર્જન કરી ગ્રાહકોની માંગ મુજબ વસ્તુનું ઉત્પાદન કરે છે. આમ, નિયોજકનામાં કલ્પના શક્તિ અને સર્જનાત્મક વિચાર શક્તિ તેના ગુણ હોવો જોઈએ.

### 11.11.5 નિર્ણયશક્તિ

નિયોજકનો ઉત્પાદનના બધાં જ સાધનો પાસેથી કામ લેવાના હોય છે અને કોઇ પણ કામકાજના સફળતાનો આધાર નિયોજકના નિર્ણય પર રહેલો છે. નિયોજકને આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પની પસંદગી કરવાની હોય છે અને તે સમયસર અને પરિપક્વ નિર્ણય લઇ ઉદ્યોગને ઊંચી સફળતા પ્રાપ્ત કરી શકાય છે માટે નિયોજકને યોગ્ય નિર્ણય લેવાના ગુણો હોવા જોઈએ.

### 11.11.6 ટેકનિકલ જ્ઞાન

નિયોજકને જમીન, શ્રમ, મૂડી જેવા સાધનોને ઉદ્યોગમાં કામકાજ માટે તેના ઉપયોગ સંબંધી સાધનો અને ધંધાનું ટેકનિકલ જ્ઞાન હોવું જરૂરી છે. બજારમાં આવતા નવા યંત્રો, નવી શોધો તેમજ વસ્તુના ઉત્પાદનમાં ઓછો ખર્ચ કરવા માટે યંત્રોનું ટેકનિકલ જ્ઞાન હોવું જોઈએ કે જેથી ઓછા ખર્ચે વધુ માંગ દ્વારા વધુ નફો મેળવી શકાય.

### 11.11.7 પ્રમાણિકતા

નિયોજકનો હેતુ નફો મેળવવાનો હોય છે અને નફાનો આધાર તેના વ્યવસ્થાપકો કે ઉત્પાદનના સાધનોના પ્રામાણિકતા પર રહેલો છે. નિયોજકની તેની આવડત, શિક્ષણ મુજબ તેનામાં ધંધા કે વ્યવસાય પ્રત્યેની પ્રામાણિકતા હોવા જોઈએ. જેથી તે બીજાનો વિશ્વાસ અને દિલ, દિમાગ જીતી શકે કારણ કે નિયોજક પ્રામાણિક હોય તો તેના ભાવે કામ કરતા કર્મચારીઓ પણ પ્રામાણિક બનશે.

## 11.12 સારાંશ

ઉત્પાદનના સાધનોમાં આ પ્રકરણમાં મૂડી અને નિયોજક અંગેની ચર્ચા કરવામાં આવી છે. જેમાં મૂડીના પ્રાપ્તિ સ્થાનોમાંથી મૂડી પર કોઇ જગ્યાએથી કે જ્યા ઓછા ખર્ચે મૂડી પ્રાપ્ત હોય ત્યાંથી મૂડી મેળવી શકે છે અને ધંધામાં તેનો ઉપયોગ કરી શકે છે. આ સાધન ઉપરાંત નિયોજક કે જે ઉત્પાદનના સાધનોને નિયોજીત કરી વસ્તુનું ઉત્પાદન કરે છે. નિયોજક વ્યક્તિને શિક્ષણ અને તાલીમ દ્વારા વિકાસ પામી શકાય છે. વ્યવસ્થાપક નિયોજકના ગુણો અને લક્ષણોને આધારે યોગ્ય નિયોજકની પસંદગી કરી શકે છે કે જેના દ્વારા ધંધા કે વ્યવસાયમાં વધુ નફો મેળવી શકાય.

## 11.15 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(1) નિયોજકના કોઈ પણ બે ગુણો સમજાવો.

..............................................................................

..............................................................................

(2) નિયોજકના ગુણોમાં નિર્ણય શક્તિ શા માટે મહત્ત્વની છે ?

..............................................................................

..............................................................................

(3) નિયોજકો કયાં-કયાં જોખમો ઉઠાવે છે.

..............................................................................

..............................................................................

(4) નીચેના વાક્યોમાં યોગ્ય વિકલ્પ જણાવો.

(1) નિયોજકો જોખમને ......... કરી જોખમ નિવારી શકે છે. (પડકાર, મહત્ત્વ)

(2) વસ્તુના રૂપ, રંગ, આકાર, કદમાં ફેરફાર કરવા ......... ગુણ હોવો જોઇએ. (નેતાગીરી, સર્જનાત્મક શક્તિ)

(3) નિયોજકને આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવા ...... ગુણ હોવો જોઇએ. (જોખમ ઉઠાવવાની શક્તિ, નિર્ણય શક્તિ)

(4) ઉત્પાદનના સાધનોને યોગ્ય કામે લગાવવા ......... ગુણ હોવો જોઇએ. (ટેકનિકલ જ્ઞાન, નેતાગીરી)

(5) વસ્તુની માંગ મુજબ ફેરફાર કરવા નિયોજકના ......... ગુણ હોવા જોઇએ. (ગતિશીલ, પ્રામાણિકતા)

## 11.13 ચાવીરૂપ શબ્દો

1. **ઉપભોગ (વપરાશ) :** વપરાશ એટલે વ્યક્તિ તેના આવકનો કેટલોક ભાગ વપરાશી વસ્તુ પાછળ ખર્ચ છે. જેને વપરાશ કહે છે.
2. **ગતિશીલ :** જે કોઈ પણ વસ્તુમાં ફેરફાર થવા કરે છે. અથવા પરિવર્તનનો ગતિશીલ કહે છે.
3. **શેર મૂડી :** કંપની દ્વારા શેર બહાર પાડી મૂડી એકઠી કરવામાં આવે છે તેને શેરમૂડી કહે છે.
4. **ઉદ્યોગ સાહસિક :** ઉદ્યોગ સાહસિક એ વિશિષ્ટ કૌશલ્ય, આવડત, જ્ઞાન કે સૂઝ ધરાવતી વ્યક્તિ છે કે જે આર્થિક લાભ મેળવવાના હેતુસર બિનપુનરાવર્તિત પ્રકારની પ્રવૃત્તિઓ કરવાની પહેલ કરે છે.

## 11.14 કેટલાક ઉપયોગી પુસ્તકો


અર્થશાસ્ત્ર ધોરણ-11, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર.

'ઉદ્યોગ સાહસિકતાના મૂળતત્ત્વો', બી. એસ. શાહ પ્રકાશન, ત્રીજી આવૃત્તિ : 2006-07

www.dictionary.com/browse/entreprener

www.yourarticlelibrary.com


## 11.15 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

1. જવાબ માટે 11.5 વાંચો
2. જવાબ માટે 11.6 વાંચો
3. જવાબ માટે 11.5 વાંચો
4. જવાબ માટે 11.4 વાંચો
5. જવાબ માટે 11.6.4 વાંચો
6. જવાબ માટે 11.6.7 વાંચો
7. જવાબ માટે 11.6.2 વાંચો

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

1. જવાબ માટે 11.7.1 થી 11.7.5 વાંચો
2. (ક) (✓) (ખ) (✓) (ગ) (✓) (ઘ) (×)

**તમારી પ્રગતિ ચકાસો (ગ)**

**ટૂંકા પ્રશ્નોના જવાબ માટે.**

1. જવાબ માટે 11.8 વાંચો
2. જવાબ માટે 11.8 વાંચો
3. જવાબ માટે 11.9 વાંચો
4. જવાબ માટે 11.10.4 વાંચો
5. જવાબ માટે 11.10.8 વાંચો

**સાચો વિકલ્પ શોધવો.**

1. જવાબ માટે 11.8 વાંચો
2. જવાબ માટે 11.10.1 વાંચો
3. જવાબ માટે 11.10 વાંચો
4. જવાબ માટે 11.10.4 વાંચો

**તમારી પ્રગતિ ચકાસો (ઘ)**

**ટૂંકા પ્રશ્નોના જવાબ માટે**

1. જવાબ માટે 11.11 સમગ્ર વાંચો
2. જવાબ માટે 11.11.5 વાંચો
3. જવાબ માટે 11.11.2 વાંચો

**સાચો વિકલ્પ શોધવો.**

1. જવાબ માટે 11.11.2 વાંચો
2. જવાબ માટે 11.11.3 વાંચો
3. જવાબ માટે 11.11.5 વાંચો
4. જવાબ માટે 11.11.6 વાંચો
5. જવાબ માટે 11.11.7 વાંચો